**મે. વડોદરાના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, પ્રથમ કોર્ટ, મુ. વડોદરા.**

**ફોજદારી કેસ નં. ૨૨૭૬૩૨/૨૦૨૫**

ફરિયાદી : **શ્રી સરકાર**

<u>**વિરુધ્ધ**</u>

આરોપી : **ઝાવેદ જમાલુદીન શેખ**

**–:: <u>આંક – ૦૬ લગત હુકમ</u> ::–**

**૧.** હાલના કામે ફરિયાદી પોલીસ કર્મચારી ધ્વારા આરોપી વિરુધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના ગુના સબબ ફરિયાદ નોંધવામાં આવેલ છે. સંબંધિત પોલીસ સ્ટેશનમાં સદર ગુનો નોંધાયા બાદ તપાસ કરનાર અમલદારે પણ પોતાની તપાસના અંતે આરોપી વિરુધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના ગુના સબબ ચાર્જશીટ કરેલ છે. ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને પ્રોસેસ કરતા તે અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓને બી.એન.એસ.એસ. ની કલમ– ૨૩૦ અન્વયે નકલો પુરી પાડવામાં આવેલ છે.

**૨.** કેસનુ રેકર્ડ ધ્યાને લેતા આરોપી સામેનો આક્ષેપિત ગુનો ગુજરાત નશાબંધી અધિનિયમ જે તા. ૧૯.૧૨.૨૦૧૬ ના રોજ અમલમાં આવ્યા બાદ નોંધાયેલો છે. સદર ગુનાની ફરિયાદ પોલીસ કર્મચારી ધ્વારા આપવામાં આવેલ છે. ચાર્જશીટ ધ્યાને લેતા પંચસાહેદો સીવાયના અન્ય તમામ સાહેદો પોલીસ કર્મચારીઓ છે. ફરિયાદ અને પંચનામાની હકીકત ધ્યાને લેતા બનાવ વખતે આરોપી ઉપદ્રવ કરતો હોય અગર કોઇ સ્ત્રી સાથે અશિસ્ત કે બિભત્સ વર્તન કરતો હોય તેવી કોઇપણ હકીકત જણાઇ આવતી નથી. પોલીસ કર્મચારી ધ્વારા આપવામાં આવેલ ફરિયાદમાં આરોપી લથડીયા ખાતો હોવાના કે લવારી–બકવાસ કરતો હોવાના કે બિભત્સ વર્તન કરતો હોવાના સર્વસામાન્ય આક્ષેપો કરેલા છે. પરંતુ, આરોપી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૮૫(૧) મુજબનું વર્તન કરતો હોવા અંગેના કોઇ ચોકકસ શબ્દો કે હકીકતો ફરિયાદ કે પોલીસના નિવેદનોમાં જણાઇ આવતી નથી કે આરોપીએ પોતાની જાતને ખુલ્લી મુકી દીધેલી હોય તેવી પણ કોઇ હકીકત રજુ થયેલ રેકર્ડ પર જણાઇ આવતી નથી.

**3.** ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– ૮૫(૧)ની જોગવાઇ કયારે લાગુ પડે ? તે માટે સદર કાયદાકીય જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો....

**Section – 85 : Penalty for being drunk and for disorderly behaviour**.

(1) whoever, in any street, thoroughfare, public place, in any place to which the public have or are permitted to have access, **is drunk and creates nuisance, takes up a quarrel with any person, uses foul or abusive language, indulges in fight with others, misbehaves with any woman or beaves obscenely,** shall, on conviction, be punished with imprisonment for a term which may extend to three years but which shall not be less than one year and with fine.

૪. ગુજરાત નશાબંધી અધિનિયમની ઉપરોકત કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા રજુ કરેલ ચાર્જશીટમાં ઉપરોકત હકીકતો મુજબનો કોઇ ગુનો બનતો હોય તેવી કોઇ હકીકત પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવતી નથી. આથી આ કામે આરોપી વિરુધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૮૫(૧) મુજબના ગુના સબબનું તહોમતનામું ફરમાવી શકાય તેટલો પ્રથમ દર્શનીય પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. નામદાર સુપ્રીમ કોર્ટે આ બાબતે કરેલ ન્યાયીક અવલોકન ધ્યાને લઇએ તો.....

**Asim Shariff Versus National Investigation Agency, AIR** 2019 **SC** 3083 ના ચુકાદાના પેરા નંબર– ૧૯ માં એવું ન્યાયિક અવલોકન કરવામાં આવેલ છે કે, " Taking note of the expostion of law on the subject laid down by this Court, it is settled that the judge while considering the question of reaming charge under Section 227 CrPC in sessions cases (which is akin to Section 239 CrPC pertaining to warrant cases) has the undoubted power to sift and waigh the evidence for the limited purpose of finding out whether or not a primafacie case against the acused has been made out; where the material placed before the Court discloses grave suspicion against the accused which has not been properly explained, the Court will be fully justified in freming the charge; by and large if two views are possible and one of them giving riese to suspicion Inly, as distinguished from greave suspicion against the accused, the rial Judge will be justified in discharging him. It is thus clear that while examining the discharge application filed under Section 227 CrPC, it is expected from the trial Judge to exercise its judicial mind to determine as to whether a case for trial has been made ourt or not. It is true that in such proceedings, the Court is not supposed to hold a mini trial by marshalling the evidence on record."

**૫.** નામદાર સુપ્રીમ કોર્ટના ઉપરોકત ચુદાદામાં ન્યાયિક અવલોકન ધ્યાને લેતા આરોપી સામે તહોમતનામું ફરમાવવાના તબકકે અદાલત ધ્વારા જયુડીશીયલ માઇન્ડ એપ્લાય કરવાનુ છે કે આરોપી સામે આક્ષેપિત ગુના સબબ ઇન્સાફી કાર્યવાહી કરી શકાય તેટલો પ્રથમ દર્શનીય પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે કે કેમ ? હાલના કેસની હકીકતો સાથે કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ– ૬૬(૧)(બી) મુજબના ગુના સબબની કાર્યવાહી કરી શકાય તેટલો પ્રથમ દર્શનીય પુરાવો ઉપલબ્ધ હોવાથી આરોપીને ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૮૫(૧) મુજબના ગુના સબબ બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે અને ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુના સબબ પ્લી રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૧૨/૨૦૨૫
સ્થળ : વડોદરા

(બકુલકુમાર મણીલાલ રાજ)
**જયુડિશયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**પ્રથમ કોર્ટ, વડોદરા.**
જજ કોડ – જીજે ૦૧૪૬૨

**<u>મે. વડોદરાના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, પ્રથમ કોર્ટ, મુ. વડોદરા.</u>**

**ફોજદારી કેસ નં. ૨૨૭૬૩૨/૨૦૨૫**
**આંક–**

ફરિયાદી : **શ્રી સરકાર**

<u>વિરુધ્ધ</u>

આરોપી : **ઝાવેદ જમાલુદીન શેખ**

**ગુન્હો : પ્રોહી. એકટની કલમ–૬૬(૧) (બી) મુજબ.**

(૧) આ કામે આરોપી સામે ત.ક. અમલદારે **પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)** મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે. જે અન્વયે કોર્ટ ધ્વારા આરોપી સામે **પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી)** ના ગુના અંગેનુ સંજ્ઞાત લેવામાં આવેલ છે.

(૨) આરોપી હાજર થઇ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પોતે ગરીબ વર્ગના છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે. કાયદા પ્રત્યે માન છે. અજાણતા હાલનો ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારનુ કોઇ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનુ નિવેદન લેતા તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઇએ તેને કોઇ લાલચ કે પ્રલોભન આપેલ નથી. ગુનાની સજાની જોગવાઇ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે તેમ છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતા હોઇ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત, તેની સામાજીક અને આર્થિક સ્થિતી અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકત ધ્યાને લેતા આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો **નટવર હરચંદ વિ. સ્ટેટ નો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫** માં પ્રકાશિત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોય આરોપીની કબુલાત ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: આખરી હુકમ :–</u>**

(૧) આ કામના આરોપીને **પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી)** મુજબના સજાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂ.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા)** નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૧૨/૨૦૨૫
સ્થળ : વડોદરા

(બકુલકુમાર મણીલાલ રાજ)
**જયુડિશયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**પ્રથમ કોર્ટ, વડોદરા.**
જજ કોડ – જીજે ૦૧૪૬૨

*પા.નં.*
*દંડ રૂા.*
*તા:૧૩/૧૨/૨૦૨૫*